# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-05-2025 Day: Monday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

વેવ્ઝ ૨૦૨૫ણૂ સમાપન:

**ભારતનું પ્રથમ વિશ્વ દ્રશ્ય -શ્રાવ્ય અને મનોરંજન સંમેલન- વેવ્ઝ 2025નું ગઈકાલે મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે સમાપન થયું. ગુરુવારથી શરૂ થયેલી ચાર દિવસીય સંમેલનનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ કર્યું હતું. સંમેલનમાં 90 થી વધુ દેશોએ ભાગ લીધો હતો , જેમાં 10 હજારથી વધુ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.**

**આ સંમેલનમાં મીડિયા અને મનોરંજન ઉદ્યોગના પ્રભાવશાળી વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મીડિયા અને મનોરંજનમાં કૃત્રિમ બુદ્ધિમત્તા , મીડિયાનું વૈશ્વિકરણ, સામગ્રી નિર્માણનું ભવિષ્ય અને ઉભરતી ટેકનોલોજીનો પ્રભાવ જેવા મહત્વપૂર્ણ વિષયો પર વ્યાપક ચર્ચાઓ કરવામાં આવી હતી. WAVES બજારમાં દેશભરના સર્જકો અને ફિલ્મ નિર્માતાઓ સાથે 1 હજાર ત્રણસો કરોડ રૂપિયાથી વધુના વ્યવસાયિક સોદા કરવામાં આવ્યા હતા.**

**સંમેલન દરમિયાન, ગ્લોબલ મીડિયા ડાયલોગમાં 77 દેશોના પ્રતિનિધિઓએ WAVES ઘોષણાપત્ર જાહેર કર્યું હતું. ચાર દિવસીય સંમેલન દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.**

**--------------------------------------------------------------------------------------**

ધોરણ ૧૨ બોર્ડનું પરિણામ :

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ આજે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ , સામાન્ય પ્રવાહ , વ્યવસાયલક્ષી પ્રવાહ , ઉત્તર બુનિયાદી પ્રવાહ , GUJCET-2025 અને સંસ્કૃત મધ્યમાનું પરિણામ જાહેર કરશે. વિદ્યાર્થીઓ બોર્ડની**

વેબસાઇટ WWW.GSEB.ORG પર આજે સવારે સાડા દશ વાગ્યાથી પરિણામ જોઈ શકશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ વોટ્સ એપ નંબર 6357300971 પર પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે તેમ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

દરમ્યાન જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમા રે આકાશવાણી સાથે વાતચીત કરતા જણાવ્યું કે, આ વખતે પણ કચ્છનું પરિણામ ખુબ સારું રહેવાની આશા છે.

બાઈટ... સંજય પરમાર, જિલ્લા શિક્ષણ અધિકારી

---------------------------------------------------------------------------------------

NEET પરિક્ષા:

રાજ્યમાં 75 હજારથી વધુ વિદ્યાર્થીઓએ NEETની પરીક્ષા આપી. મેડિકલમાં પ્રવેશ માટેની રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષા એટલે કે, નીટ-ની પરીક્ષા ગઈકાલે કચ્છ સહિત દેશભરમાં યોજાઇ. અંદાજે એક લાખ બેઠક પર પ્રવેશ માટે દેશભરમાંથી 24 લાખથી વધુ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી. સઘન સુરક્ષા વ્યવસ્થાઓ વચ્ચે સરકારી સંસ્થાઓમાં NEETની પરીક્ષાનું આયોજન કરાયું હતું. બપોરે 2 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી પરીક્ષા યોજાઇ હતી.

કચ્છ જિલ્લામાં ભુજ અને ગાંધીધામમાં ૪ કેન્દ્રો પર NEETની પરીક્ષા યોજાઈ હતી. જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમા રે આકાશવાણીને જણાવ્યું કે, આ પરિક્ષા માટે કચ્છમાં 1424 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી 1397 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------

મુખ્યમંત્રી-ગુજરાત વિકાસ મોડેલ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, ગુજરાત ટેકનોલોજી, લોક કલ્યાણ અને વિકાસ યોજનાઓના અસરકારક અમલથી વિકાસનું રોલ મોડલ બન્યું છે.
ગાંધીનગરમાં છત્તીસગઢના કવર્ધા જિલ્લા તંત્રના અધિકારીઓ , પદાધિકારીઓ અને ગ્રામીણ ખેડૂતોના 26 સભ્યોના પ્રતિનિધિમંડળ સાથેની મુલાકાત દરમિયાન શ્રી પટેલે

આમ જણાવ્યું હતું. આ પ્રતિનિધિમંડળ ગુજરાત મોડલ પર તેમના રાજ્યમાં ગ્રામીણ વિકાસમાં નવીનીકરણ અને અસરકારક યોજનાકીય અમલના વ્યાપ અને વિસ્તરણમાં ટેકનોલોજીના ઉપયોગ અંગેના અભ્યાસ અર્થે એક સપ્તાહની ગુજરાત મુલાકાતે આવ્યું છે.

--------------------------------------------------------------------------------------

કમોસમી વરસાદ:

રાજ્યમાં  ગઈકાલે ઉત્તર-મધ્ય ગુજરાતના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો છે. રાજ્યમાં હજુ પણ આગામી  7 દિવસ સુધી છૂટો છવાયો વરસાદ પડવાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર  5 દિવસમાં રાજ્યમાં મહતમ તાપમાનમાં 3 થી 5 ડિગ્રીનો ઘટાડો થશે.

આજે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, સહિતના જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

--------------------------------------------------------------------------------------

ગુજરાત-જીએસટી વસુલાત:

એપ્રિલ 2025માં રાજ્યમાં 14 હજાર 970 કરોડ રૂપિયાનું વસ્તુ અને સેવા કર-GSTની વસૂલાત થઈ છે. ઉદ્યોગો માટે અનુકૂળ નીતિ અને મજબૂત આર્થિક પ્રવૃત્તિઓ સાથે એપ્રિલ 2024ની સરખામણીએ 13 ટકાના વધારા સાથે રાજ્યનું આ નોંધપાત્ર પ્રદર્શન છે.  GST કલેક્શનમાં ગુજરાત અનેક મોટા રાજ્યો કરતા આગળ છે.  GST કલેક્શનના મામલે ગુજરાત મહારાષ્ટ્ર અને કર્ણાટક પછી દેશમાં ત્રીજા ક્રમે છે.

નાણાંકીય વર્ષ 2024-25માં ગુજરાતે  GSTમાંથી 73 હજાર281 કરોડ રૂપિયાની આવક પ્રાપ્ત કરી હતી , જે નાણાંકીય વર્ષ 2023-24ની સરખામણીએ 14 ટકાનો વધારો દર્શાવે છે.

--------------------------------------------------------------------------------------